ગુજરાતના યુવાનોને લશ્કરની ભરતીમાં
પ્રોત્સાહિત કરવા બાબત

ગુજરાત સરકાર
ક્રમાંક:તલમ/૧૦૨૦૧૪/૧૯૮૦/અ
ગૃહ વિભાગ, સચિવાલય
ગાંધીનગર
તા.૦૮/૦૯/૨૦૧૪

પરિપત્ર:-.

રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાતના યુવાનોને લશ્કરમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા યુવાનોને લશ્કરમાં જતાં પહેલાં યોગ્ય તાલીમ મળી રહે તે માટે રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં તાલીમ કેન્દ્રોની સ્થાપના કરવાની સૂચના આપવામાં આવેલ છે. આવા તાલીમ કેન્દ્રોની સ્થાપના કરતી વખતે નીચે દર્શાવેલ વિગતો ધ્યાને લેવા વિનંતી છે.

(૧) ગુજરાત જમીન અને દરીયાઇ સીમાઓથી પાકીસ્તાન સાથે જોડાયેલ છે. સરહદી રાજ્યોએ ભારતના લશ્કરને રેજીમેન્ટ આપી છે. જેમકે પંજાબ રેજીમેન્ટ, જાટ રેજીમેન્ટ, રાજપૂત રેજીમેન્ટ પણ ગુજરાતની કોઇ રેજીમેન્ટ નથી.

(૨) ગુજરાતમાં ઘણા આદિવાસી વિસ્તારો તથા કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઘણા ખડતલ યુવાનો છે, જેઓ લશ્કરી ભરતી મેળામાં ભાગ લે છે પરંતુ યોગ્ય તાલીમ અને માર્ગદર્શનના અભાવે આવા યુવાનો લશ્કરમાં પસંદગી પામી શકતા નથી.

(૩) ગુજરાત સરકાર દ્વારા ભૂતકાળમાં યુવાનોને લશ્કરમાં જતા પહેલા યોગ્ય તાલીમ મળી રહે તે માટે "પ્રી સર્વિસ ડીફેન્સ ટ્રેનિંગ સેન્ટર" રોજગાર અને તાલીમ નિયામક હેઠળ શરૂ કરવામાં આવેલ. પણ પુરતી માત્રામાં તાલીમાર્થી ન મળતાં લગભગ ૧૫ વર્ષોથી તે બંધ કરવામાં આવેલ છે.

(૪) તાલામાર્થીઓ ન મળવાનું કારણ કદાચ તે સેન્ટર ગાંધીનગર સ્થિત હોવાને કારણે રાજ્યના છેવાડાના પ્રદેશોના યુવાનો ને ગાંધીનગર સુધી આવવું અનુકુળ ન હોય તે બની શકે છે.

(૫) જો લશ્કરમાં જોડાવા ઇચ્છુક યુવાનોને તેમના પ્રદેશની નજીક આવા લશ્કરી ટ્રેનિંગ સેંન્ટર શરૂ કરવામાં આવે અને લશ્કરના નિવૃત્ત અધિકારીઓ દ્વારા તેમને તાલીમ આપવામાં આવે તો આવા યુવાનોને રોજગારી મળી શકે અને ભારતીય લશ્કરમાં ગુજરાતના યુવાનોની સંખ્યા વધે.

(૬) રાજ્યમાં હાલ સાબરકાંઠા, બનાસકાંઠા, કચ્છ, પંચમહાલ, જુનાગઢ, જામનગર અને રાજકોટ એમ કુલ સાત જિલામાં આવા તાલીમ કેન્દ્રો ચાલુ કરી શકાય. આ જિલ્લાઓમાં આવેલા પોલીસ ગ્રાંઉન્ડનો ઉપયોગ તાલીમ માટે કરી શકાય. આ તાલીમ કેન્દ્રોમાં યુવાનોને રહેવા-જમવાની સગવડ ઉપરાંત માસિક સ્ટાઇપેન્ડ આપી તાલીમ લેવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

(૭) આવા તાલીમ કેન્દ્રો માટે નાંણાકીય જોગવાઇ માટે રાજ્યનું સીવીલ ડીફેન્સનું બજેટ વાપરી શકાય તેમજ આદિવાસી કલ્યાણની યોજનાઓમાંથી થોડા નાંણા ફાળવી શકાય. આ ઉપરાંત કેન્દ્ર સરકાર પાસેથી પણ આ અંગે સરહદી રાજ્ય તરીકે ખાસ પેકેજ સ્વરૂપે ફંડ મેળવી શકાય. અન્ય વિકલ્પ તરીકે માન. મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડની જેમ એક ફંડ ઉભું કરી ઇન્કમટેક્ષ એક્ઝેમ્પશનનો લાભ મેળવી રાજ્ય સરકાર નાંણા ઉભા કરી શકે

(૮) ગુજરાત સરકારે આ અગાઉ આઇએએસ/આઇપીએસ ની પરીક્ષામાં ગુજરાતના યુવાનોની પસંદગી થાય તે માટે સ્પીપા દ્વારા તાલીમ આપી આ સેવામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ સફળતાપૂર્વક વધારેલ છે. તે પ્રમાણે લશ્કરમાં પણ આવા તાલીમ કેન્દ્રો સ્થાપી ગુજરાતનું પ્રતિનિધિત્વ વધારી શકાય.

રાજ્યમાં ગુજરાતના યુવાનો લશ્કરમાં મોટા પ્રમાણમાં ભરતી થાય અને ગુજરાતનું પ્રતિનિધિત્વ વધારે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા માટે લશ્કરમાં જતાં પહેલાં તેઓને યોગ્ય તાલીમ મળી રહે તે માટે યોગ્ય આયોજનો કરવા આથી આપને જણાવવામાં આવે છે.

આ અંગેની તાલીમ માટેનો કોઇ ખર્ચ કરવાનો થાય તો તે હાલ તુરંત રાજ્યના "સુરક્ષા સેતુ" કાર્યક્રમ અંતર્ગત કરવા સૂચવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

(ડી.આર.ભમ્મર)

ઉપ સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (તાલીમ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (હથિયારી એકમો), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, સુરક્ષાશેતુ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી.
- સર્વે પોલીસ અધિક્ષકશ્રી.
- શાખા/નાસે.અ. સીલેક્ટ ફાઇલ